PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૦/ક્વા–૦૧/૧૭–૧૮/ ૬૭૩૨ તા. ૨૯/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રીધર ક્રાફ્ટ પેક એલ.એલ.પી.,
ગોંડલ હાઈવે, સર્વે નં.: ૪૫/૪,,
કાંગસીયાળી, કિશાન પેટ્રોલ પંપ ની બાજુમા
મોગાટેક્સ ઈન્ડસ્ટ્રીઝ ની પાછળ,
તા. લોધીકા, જી: રાજકોટ
મો: ૯૯૨૫૧ ૭૦૧૬૧, ૯૩૭૫૦ ૬૨૬૫૦

વિષય :–પાવર સપ્લાય બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૦/ક્વા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO. 4 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૮૦/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૮–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: શ્રીધર ક્રાફટ પેક એલ.એલ.પી., ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

---

## : હુકમ :

### ફરીયાદ : પાવર સપ્લાય બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજૂઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ૨૦૦ કેવીએના એચ.ટી. જોડાણ ને, હાલ ૧૧ કેવી વેલનાથ ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે છે. આ ફીડર પર, છેલ્લા ૦૧ વર્ષ થી વારંવાર વીજવિક્ષેપો થતા હોય, તેઓ શ્રી એ '' સદર ફીડર નુ ગુણવતાયુકત સમારકામ કરી અને વીજવિક્ષેપ ની ફરીયાદ નુ'' કાયમી ધોરણે નિરાકરણ લાવવા માટે – છેલ્લા ૦૧ વર્ષ થી પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી, વિભાગીય કચેરી તેમજ વર્તુળ કચેરીઓને અવાર–નવાર લેખીત અરજીઓ આપવા છતા, આજદિન સુધી, તેમના '' એચ.ટી. જોડાણ '' ને વીજપુરવઠો આપતા સદર '' ૧૧ કેવી વેલનાથ ફીડર '' નુ, '' આજદિન સુધી ગુણવતાયુકત સમારકામ '' થયેલ ન હોવાના કારણોસર, તેઓ શ્રી ના ઉત્પાદકીય યુનીટ મા ઘણીજ વિટંબણાઓ સહન કરવાની રહેલ છે. આખરે લાચારીવશ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજૂઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સદર શ્રીધર ક્રાફટ પેક એલ.એલ.પી ના નામના, ૨૦૦ કેવીએના એચ.ટી. જોડાણ ને, હાલ ૧૧ કેવી વેલનાથ ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે છે. આ ફીડર ની – મેઈન લાઈન ની લંબાઈ ૩.૧ કીમી છે. તેમજ, ટેપ લાઈન ની લંબાઈ ૧૩.૬ કીમી છે. આ ફીડર પર કુલ ૭,૭૮૮ ગ્રાહકો આવેલ છે. જે માહેના (૧) ઓર્દ્યોગીક વીજજોડાણો –૧૧ (૨) વાણીજ્ય વીજજોડાણો – ૧૭૮ (૩) વોટર વર્કસ –૧ (૪) જીએલપી –૪ તથા (૫) એચ.ટી. – ૭ , મુખ્યત્વે છે. આ ફીડર પર (૧) માહે જાન્યુઆરી–૨૦૧૭ મા – ૨૪ (૨) માહે ફેબ્રુઆરી–૨૦૧૭ મા – ૨૧ (૩) માહે માર્ચ–૨૦૧૭ મા – ૩૧ (૪) માહે એપ્રીલ –૨૦૧૭ મા – ૨૦ (૫) માહે મે–૨૦૧૭ મા ૧૬ (૬) માહે જુન–૨૦૧૭ મા ૫૧, એ મુજબ ના – '' મહતમ અંશે ના ટ્રાન્ઝીટ ટ્રીપીગ તેમજ અર્થ ફોલ્ટ – જયારે ન્યુનતમ અંશે ના સસ્ટેન્ડ ફોલ્ટ – જે મહદઅંશે રીપેરીગ / મેન્ટેનન્સ ના કારણોસર ના છે.'' |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, સદર ૧૧ કેવી વેલનાથ જે.જી.વાય ફીડર ના ટ્રીપીગ ની બાબતો ને ધ્યાને લઈને, પીજીવીસીએલ તરફથી સદર ફીડર ની, માસ મેન્ટેનન્સ મુજબની કામગીરી ( જેમા કુલ ૦૩ ગેંગ – ૩૨ માણસો સાથે ના વધારાના ૦૫ ડિપાર્ટમેન્ટલ સ્ટાફ ને સાથે રાખીને) તા.૧૪–૦૬–૧૭ થી તા.૨૮–૦૬–૧૭ સુધી સમયગાળા મા પૂર્ણ કરાયેલ હતી. આ માસ મેન્ટેનન્સ ની કામગીરી મા, ખાસ કરીને ક્ષતિગ્રસ્ત એવા (૧) ૧૫૨ પીન ઈન્સ્યુલેટર બદલાવવામા આવેલ છે. (૨) તેમજ ૨૪ જગ્યાએ ટ્રી કટીગ કરેલ છે. (૩) ૨૫ જમ્પર – પીનરોડ સાથે બદલાવેલ છે. આમ, પીજીવીસીએલ તરફથી, માહે જુન–૨૦૧૭ ના સમયગાળા મા સંપન્ન કરાયેલ માસ મેન્ટેનન્સ ની આ મુજબ ની કામગીરી બાદ, માહે જુલાઈ–૨૦૧૭ ના સમયગાળા મા, સદર ફીડર ના ટ્રીપીગ ની સંખ્યા મહદઅંશે ઘટેલ છે. તેમ છતા, જયારે જરૂર પડે ત્યારે સદર ફીડર નુ ત્વરીતે મેન્ટેનન્સ કરી, અને ટ્રીપીગ ની સંખ્યા નહીવત કરી, ગુણવતાયુકત વીજપુરવઠો, જે ખાસ કરીને મહત્વના જોડાણો ને મળી રહે તે માટેની તત્પરતા પણ પીજીવીસીએલ તરફથી આયોજન બધ્ધ છે. આમ, ફરીયાદી અરજદાર ની ફરીયાદ નુ મહદઅંશે પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ |

| | |
|---|---|
| | કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રીધર ક્રાફ્ટ પેક એલ.એલ.પી ના નામના એચ.ટી. જોડાણ નં.: ૨૮૫૩૮ ને વીજપુરવઠો આપતા ૧૧ કેવી વેલનાથ જે.જી.વાય ફીડર મા, માહે જાન્યુઆરી–૨૦૧૭ થી માહે જુન–૨૦૧૭ સુધી ના સમયગાળા મા મહતમ રહેલ વીજ ટ્રીપીંગ ની બાબતો ને, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નજર સમક્ષ રાખી, અને પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, સદર ફીડર ની મહદઅંશે ની સમારકામ ની કાર્યવાહી, જે માહે જુન–૨૦૧૭ સુધીમા, પીજીવીસીએલ દ્વારા સંપન્ન થતા, હવે માહે જુલાઈ–૨૦૧૭ ના સમયગાળા મા સદર ફીડર ની ટ્રીપીગ ની સંખ્યા નહીવત થયેલ છે. |
| ૩.૨ | તેમ છતા, એચ.ટી. વીજ ગ્રાહક, જે વીજકંપની ના આદરણીય ગ્રાહક ના દરજ્જા હેઠળ ના હોય, ખાસ કરીને, એચ.ટી. જોડાણો ને મળતા વીજપુરવઠા ની ગુણવત્તા જળવાય રહે, વીજપુરવઠા નુ સાતત્ય સતત ગુણવતાયુકત રહે, અને વીજવિક્ષેપ ની સંખ્યા નહીવત રહે. તે બાબતો ને, ખાસ તાકીદ મા લેવા પીજીવીસીએલ પક્ષકાર નુ ખાસ ધ્યાન દોરવામા આવે છે. ખાસ કરીને એચ.ટી. ગ્રાહકો જોડાણો ના વીજવિક્ષેપ ની બાબતો પ્રત્યે ગંભીર રહી, અને આવા વીજવિક્ષેપ ના કારણ નુ, કાયમી ધોરણે નિરાકરણ કરવા માટે, આવા જોડાણો ને વીજપુરવઠો પુરો પાડતા વીજ ફીડરો ની તાંત્રીક સ્થિતી / ક્ષમતા વગેરે ની બાબતો નોંધ મા લઈ, અને જરૂર જણાયે આધુનીક તાંત્રીકકરણ હેઠળ આવરી લેવા ની બાબત પીજીવીસીએલ પક્ષકાર માટે અગ્રીમતા હેઠળ ની નિયમાધીન યોગ્ય બાબત હોય, આ બાબત ની, આ સાથે ની ખાસ નોંધ, જે પીજીવીસીએલ પક્ષકાર ને, ભવિષ્ય માટે, યોગ્ય થવા માટે ની ખાસ જાણકારી સાથે ની નોંધ પણ અત્રેનાં ફોરમ કમિટી તરફથી આપવામા આવે છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી અરજદાર શ્રી ને આપવા સાથે ની, મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને પણ, ખાસ નોંધ સાથે ની, ભારપૂર્વક ની જાણકારી, અત્રેના ફોરમ તરફથી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.